## (1) "COVID-19 and World of Work" રિપોર્ટ વિશે સાચાં વિધાન પસંદ કરો.

(1) આ રિપોર્ટ આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન (ILO) દ્વારા બહાર પાડવામાં આવ્યો છે.
(2) આ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે ભારતમાં 20 કરોડ જેટલાં લોકો ગરીબીમાં ધકેલાય જશે તેવી શકયતા છે.
(3) વિશ્વમાં આશરે 200 કરોડ જેટલાં લોકો અનઔપચારિક ક્ષેત્ર (Informal Sector)માં કાર્ય કરી રહ્યા છે.
(4) આંકડાની દષ્ટિએ આરબ દેશો અને એશિયા–પેસિફિક વિસ્તારમાં વધારે લોકો રોજગારી ગુમાવશે.

(A) માત્ર (1), (2) અને (3)  (B) માત્ર (1), (3) અને (4)
(C) માત્ર (2), (3) અને (4)  (D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ 8 એપ્રિલ, 2020ના રોજ સંયુક્ત રાષ્ટ્રની સંસ્થા ILO (આંતરાષ્ટ્રીય શ્રમ સંગઠન) દ્વારા "COVID-19 and World of Work" નામનો એક રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ ભારતને લગતાં એક સૌથી મહત્ત્વના તારણમાં જણાવવામાં આવ્યું છે કે, 'આશરે 40 કરોડ જેટલાં લોકો ગરીબીમાં ધકેલાય શકે તેમ છે.' (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ ઉપરાંત સમગ્ર વિશ્વમાં 19.5 કરોડ ફુલ ટાઈમ જોબ પણ અદશ્ય થઈ શકે તેમ છે.

⇛ વૈશ્વિક રીતે, વાયરસના લીધે 6.7% કાર્યની કલાકો (Working Hours)નું નુકશાન થશે.

⇛ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે આશરે 200 કરોડ લોકો વિશ્વમાં અનઔપચારિક ક્ષેત્રમાં કાર્ય કરે છે. આ સમુદાય પર સૌથી મોટો ખતરો છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ સૌથી વધુ આરબ દેશો અને એશિયા–પેસિફિક વિસ્તારમાં નોકરીઓ અદશ્ય થશે તેમ જણાવવામાં આવ્યું છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ ટકાવારીની દષ્ટિએ બન્ને અમેરિકા ખંડમાં 43% અને આફ્રિકા ખંડમાં 26% લોકો બેરોજગાર થશે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) ‘UN Peacekeeping’ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) સંયુક્ત રાષ્ટ્રના નિર્ણય મુજબ 30 જૂન સુધી ‘પીસકિપીંગ ફોર્સ’ને સસ્પેન્ડ કરવામાં આવી છે.
(2) તેની સ્થાપના વર્ષ 1945માં કરવામાં આવી હતી.
(3) તેમને ઘણી વખત ‘રેડ હેલ્મેટ’ તરીકે પણ ઓળખવામાં આવે છે.
(4) ‘પીસકિપીંગ મિશન’ વિશેના નિર્ણય લેવાની સત્તા ‘સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભા’ (UNGA) પાસે હોય છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (1) અને (4)
(C) માત્ર (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા જાહેર કરવામાં આવ્યું છે કે, 30 જૂન સુધી ‘પીસકિપીંગ ફોર્સ’ને સસ્પેન્ડ કરવામાં આવી છે, જેનું મુખ્ય કારણ કોરોના વાયરસ છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ સંયુક્ત રાષ્ટ્ર પીસકિપીંગની સ્થાપના વર્ષ 1945માં કરવામાં આવી હતી તથા હાલમાં તેમાં આશરે 90,000 સક્રિય કર્મચારી (જવાન/નર્સ/પોલિસ વગેરે) છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ કર્મચારીઓએ પહેરેલા બ્લૂ હેલ્મેટના કારણે તેમને ઘણી વખત ‘બ્લૂ હેલ્મેટ’ તરીકે પણ ઓળખવામાં આવે છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ સંયુક્ત રાષ્ટ્રના ચાર્ટર મુજબ, પીસકિપીંગ મિશનની જવાબદારી તથા તેની સત્તા સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC)ની છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (3) નાણાકીય કટોકટી વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) બંધારણના અનુચ્છેદ 360માં આ અંગેની જોગવાઈ છે.
(2) નાણાકીય કટોકટીની જાહેરાત કર્યા બાદ એક મહિનામાં આ પ્રસ્તાવ સંસદના બન્ને ગૃહો દ્વારા પસાર થવો જરૂરી છે.
(3) આ પ્રસ્તાવ માટે માત્ર સામાન્ય બહુમતીની જ જરૂર હોય છે.
(4) નાણાકીય કટોકટીનો પ્રસ્તાવ સફળ રીતે પસાર થયા બાદ તે એક નાણાકીય વર્ષ સુધી અમલમાં રહે છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં સરકાર દ્વારા સાંસદોના પગારમાં તથા અન્ય જગ્યાઓએ કપાત કરવામાં આવી છે પરંતુ આ પગલું નાણાકીય કટોકટી સાથે સંલગ્ન નથી.

⇛ બંધારણના અનુચ્છેદ-360માં નાણાકીય કટોકટી અંગે જોગવાઈ કરવામાં આવી છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ નાણાકીય કટોકટી જાહેર કરવાની સત્તા રાષ્ટ્રપતિ પાસે હોય છે.

⇛ નાણાકીય કટોકટીના પ્રસ્તાવને ઘોષણાની તારીખથી બે મહિનામાં સંસદના બંને ગૃહો દ્વારા સામાન્ય બહુમતીથી પસાર કરવો આવશ્યક છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ એક વખત સંસદના બંને ગૃહોમાંથી નાણાકીય કટોકટીનો પ્રસ્તાવ પસાર થઈ જાય તો તે અનંતકાળ સુધી અમલમાં રહે છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (4) 'ઈન્ટરપોલ' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) તે એક આંતરરાષ્ટ્રીય સંસ્થા છે જે સભ્ય દેશોના પોલિસબળ સાથે સહયોગ સાધવાનું કાર્ય કરે છે.

(2) ભારત તરફથી CBI ઈન્ટરપોલમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવા નિયુક્ત થયેલી સંસ્થા છે.

(3) તેનું વડુંમથક જર્મનીમાં આવેલું છે.

(4) વર્તમાન સમયે તેમાં 194 સભ્ય દેશો છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (1), (3) અને (4)
(C) માત્ર (2), (3) અને (4)
(D) માત્ર (1), (2) અને (4)

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ ઈન્ટરપોલ દ્વારા દરેક સભ્ય દેશોને ચેતવણી આપવામાં આવી છે કે, વિશ્વના સાયબર ક્રિમીનલ્સ વિવિધ મોટી હોસ્પિટલ તથા હેલ્થકેર સિસ્ટમને ટાર્ગેટ બનાવી રહ્યા છે.

⇛ ઈન્ટરપોલનું પૂરું નામ 'International Criminal Police Organization' છે.

⇛ તે વિશ્વના 194 સભ્ય દેશોની પોલિસ–ફોર્સ વચ્ચે સહકાર સાધવાનું કાર્ય કરે છે. (આથી, વિધાન (1) અને (4) સાચાં છે.)

⇛ ઈન્ટરપોલની સ્થાપના વર્ષ 1923માં કરવામાં આવી હતી તથા તેનું વડુંમથક ફ્રાંસના લ્યોન (Lyon)માં આવેલું છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ ભારત તરફથી CBI (Central Bureau of Investigation) દ્વારા ભારતનું પ્રતિનિધિત્વ ઈન્ટરપોલમાં કરવામાં આવે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(5) 'WIPO' (World Intellectual Property Organization) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) તે સંયુક્ત રાષ્ટ્રની એક એજન્સી છે.

(2) તાજેતરમાં આંતરરાષ્ટ્રીય પેટન્ટની એપ્લીકેશનમાં ચીન પ્રથમ ક્રમે પહોંચી ગયું છે.

(3) વિશ્વની મોટા ભાગની પેટન્ટ એશિયામાંથી આવે છે.

(4) WIPOનું વડુંમથક જીનીવામાં આવેલું છે.

(A) માત્ર (2) અને (3) (B) માત્ર (1), (3) અને (4)

(C) માત્ર (1) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં WIPO દ્વારા જણાવવામાં આવ્યું છે કે આંતરરાષ્ટ્રીય પેટન્ટની એપ્લીકેશનમાં યુ.એસ.ને પછાડીને ચીન પ્રથમ ક્રમે આવ્યું છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ પેટન્ટ એપ્લીકેશનની સંખ્યાના આધારે વિશ્વના દેશોના ક્રમાંકો :

1. ચીન
2. યુ.એસ.
3. જાપાન
4. જર્મની
5. દક્ષિણ આફ્રિકા

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

⇛ ઉપરાંત WIPOએ જણાવ્યું છે કે કુલ પેટન્ટની એપ્લીકેશન પૈકી 52.4% એપ્લીકેશન માત્ર એશિયામાંથી જ આવે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ WIPO એ સંયુક્ત રાષ્ટ્ર હેઠળની એક એજન્સી છે, જેનું વડુંમથક જીનીવામાં આવેલું છે. ઉપરાંત તેમાં 193 સભ્ય દેશો છે. (આથી, વિધાન (1) અને (4) સાચાં છે.)

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT